૮ ગ્રાન્ટ-ઇન-એઇડ આશ્રમશાળા મંજુર કરવા અંગેના માર્ગદર્શક સિધ્ધાંતો ઘડવા બાબતે સુધારા વધારા કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંક-અમશ -૧૦૧૬-૭૯૪૩૯૩-ગ
સચિવાલય,ગાંધીનગર
તારીખ: ૧૦/૧/૨૦૧૭

વંચાણે લીધા :-

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ નો તા.૦૭/૦૮/૨૦૦૦ના ઠરાવ ક્રમાંક/પરચ/૧૫૯૯/૧૪૯૪/ગ
(૨) નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણના તા. ૨૭/૧૨/૨૦૧૬ ના પત્ર ક્રમાંક -અજાક-ગ-આ.શા-૨૦૧૬-૪૬૮૬
(3) આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૯/૫/૧૯૮૯ના ઠરાવ ક્રમાંક /અમશ /૧૪૮૭/૨૧૪૦/ગ

સુધાર ઠરાવ :-

ઉપર્યુકત વંચાણે લીધેલ ક્રમ-૧ પરના આ વિભાગના તા.૦૭-૦૮-૨૦૦૦ ના ઠરાવથી ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાઓ પાસેથી અરજી ફી લેવા અંગે (આશ્રમશાળા/છાત્રાલય) ફી નું ધોરણ નકકી ઠરાવમાં આવેલ હતું. જેના અનુંસંધાને વંચાણે લીધેલ ક્રમ-૨ પરના નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણના તા. ૨૭/૧૨/૨૦૧૬ ના પત્રથી ગ્રાન્ટ-ઇન-એઇડ આશ્રમશાળા મંજુર કરવા માટે ઉકત ઠરાવથી ગ્રાન્ટ-ઇન-એઇડ આશ્રમશાળા સંસ્થાઓ પાસેથી અરજી ફી લેવા અંગેના ઠરાવમાં માર્ગદર્શક સિધ્ધાંતો ઘડવા અંગે સુધારા વધારા કરવા અંગેની દરખાસ્ત કરેલ છે. પ્રસ્તુત દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે ગ્રાન્ટ-ઇન-એઇડ આશ્રમશાળા સંસ્થાઓ પાસેથી અરજી ફી લેવા અંગેના વંચાણે લીધેલ ક્રમાંક (3) પરના આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવમાં માર્ગદર્શક સિધ્ધાંતો ઘડવા અંગે સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ સંદર્ભે નીચે મુજબ બહાર પાડવામાં આવે છે.

(૧) હાલમાં જે સંસ્થા ટ્રસ્ટી પાસે મંજુર થયેલ હોય આશ્રમશાળા તેઓની અરજી સ્વીકારવામાં આવશે નહિ.

(૨) સંસ્થાએ અરજી સાથે રૂ.૫,૦૦,૦૦૦./- ( અંકે રૂપિયા પાંચ લાખ પુરા) નું બેંક બેલેન્સ સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે.

(૩) પ્રોસેસ ફી રૂ.૧૦૦૦/- ( અંકે રૂપિયા એક હજાર પુરા) જે તે જિલ્લાની કચેરીમાં જમા કરાવવાની રહેશે.

(૪) સમય-મર્યાદા બહાર આવેલ તેમજ અધૂરી વિગતો વાળી દરખાસ્તો ધ્યાને લેવામાં આવશે નહિ. તથા અગાઉ રજુ કરેલ દરખાસ્તો રદ ગણવામાં આવશે. અને નામંજુર થયેલ દરખાસ્તો દફતરે કરવામાં આવશે.

અન્ય બાબતો ઉપર્યુકત તા.૦૭-૦૮-૨૦૦૦ ના ઠરાવની યથાવત રહેશે.

આ સુધારા ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર માન. મંત્રીશ્રી (સા.ન્યા) ની તા.૦૬/૦૧/૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એચ.બી.ઠાકોર )
સેકશન અધિકારી,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણ ,ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
નકલ રવાના:-
માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી,સચિવાલય ,ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ / રાજકોટ
નિવાસી ઓડીટ અધિકારીશ્રી,ગાંધીનગર
તમામ જીલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણ ,મારફત)
સર્વે નાયબ નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણ ની કચેરીઓ (નિયામકશ્રી,અજાક,મારફત)
સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત) (નિયામકશ્રી,અજાક મારફત)
સેકશન અધિકારીશ્રી, કમ્પ્યુટર સેલ (સા.ન્યા) વિભાગની વેબ સાઇટ પર મુકવા વિનંતી
સિલેક્ટ ફાઇલ